
## જન્મદિને વધામણી



મહેન્દ્ર એમ ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૨૦૨૨૯



યુગ અમરદીપ સોલંકી



હેતાર્થ પરીમલ પટેલ

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
ગેસ્ટ ઈન લંડન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
સ્પાઇડરમેન (૩ડી, અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫
સ્પાઈડરમેન (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૪**
ટ્યુબલાઈટ
૧૨.૪૫
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
૯.૩૦
**સ્ક્રીન-૫**
ગેસ્ટ ઈન લંડન
સવારે ૧૦.૦૦
મોમ
૧.૦૦, ૪.૦૦, ૯.૪૫
ટ્યુબલાઈટ
૬.૪૫

# ગાંધીનગરમાં ગુરૂપૂર્ણિમાની ગરવી ઉજવણી







### પ્રેરણા વિદ્યાલય

પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ નિમિત્તો ધોરણ-૮થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'ગુરૂનું મહત્ત્વ' વિષયે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કિશોર જયેશભાઈ પ્રજાપતિ, બંસરી અરવિંદભાઈ જાદવ અને અંકિતા પ્રવીણભાઈ વાઘેલા અનુક્રમે વિજેતા બન્યાં હતાં. આ પ્રસંગે અતિથિ તરીકે શાળાનાં પૂર્વ આચાર્ય અને હાલ સ્કૂલ કમિશનર કચેરીનાં અધિકારી સ્વાતિબા રાઓલ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે ગુરૂનું મહત્ત્વ સમજાવતું વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ સ્વાગત પ્રવચન અને અંત ભાગમાં આચાર્ય મનીષભાઈ ખત્રીએ આભાર દર્શન કર્યું હતું.

### કેએસવી ફેકલ્ટી ઓફ એજ્યુકેશન

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ અને વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન કૉલેજ દ્વારા ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી અંતર્ગત ગુરૂના મહત્ત્વના ગુણ ગાવામાં આવ્યા હતા. ગુરૂનું મહત્ત્વ શું છે ? ગરૂના પ્રકાર, પ્રાચીન સમયના ગુરૂઓ પોતાના શિષ્યોની ભાવનાઓ કેવી રીતે જાળવતા હતા અને પ્રવર્તમાન સમયમાં પ્રાચીન ગુરૂ જેવું મહત્ત્વ કેવી રીતે જાળવી શકાય ? એ વિષયે તાલીમાર્થીઓને વિગતે સમજ આપવામાં આવી હતી. ગુરૂની વિશેષતા ધ્યાને લઈ ભરતનાટ્યમ, બંસરીવાદન, ધૂન, સુવિચાર જેવી સુંદર રજૂઆતો પણ તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ આભાર દર્શન કર્યું હતું.

### ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ

મોટા ચિલોડા ખાતે કાર્યરત ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને ભારતીય ઈતિહાસમાં થઈ ગયેલા આદર્શ ગુરૂઓ અંગે સમજ પણ આપવામાં આવી હતી.

### ઇન્ફોસિટી સ્કૂલ

ઈન્ફોસિટી સ્કૂલ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણીમાં ધોરણ-૬થી ૧૦ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા. ગુરૂની મહત્તાને લગતા શ્લોકો ઉપરાંત ભારતીય સંસ્કૃતિમાં હજારો વર્ષોથી ચાલી આવતી ગુરૂ-શિષ્ય પરંપરા અને તેના મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓએ વક્તવ્ય દ્વારા વિગતે સમજ આપી હતી. સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમ શાળાનાં પ્રિન્સિપાલ પ્રવીણાબેન અને અંગ્રેજી માધ્યમ સ્કૂલનાં સુપરવાઈઝર દિપ્તીબેનના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી દલસાણીયા સર અને પ્રમુખ વૈષ્ણવ સરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

### સ્કૂલ ઓફ અચિવર

સ્કૂલ ઑફ અચિવર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ વર્ષે આ ઉજવણીને 'સંબંધસેતુ' નામ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત શિક્ષકોનું પૂજન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ગુજરાતી, અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા અલગ-અલગ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા. ગુરૂ-શિષ્યના સંબંધને મુખ્ય થીમ બનાવી કાર્યક્રમને ભજન, ગીત અને પ્રવચન વડે ભાવપ્રધાન બનાવવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ અને વાઈસ પ્રિન્સિપાલ દ્વારા પ્રારંભિક ઉદ્બોધનમાં ગુરૂ-શિષ્ય સંબંધનું મહત્ત્વ દર્શાવી સમસ્યાઓના હલ અને શિસ્તહિનતાના નિવારણની વાત સમજાવવામાં આવી હતી.

આ કાર્યક્રમની સાથે સ્કૂલ કૅબિનેટની રચનાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સૌ પ્રતિનિધિઓ તેમજ ઈકો ક્લબ મૅમ્બર્સને બેજ અર્પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કૅબિનેટના સભ્યોએ ઉત્તરદાયિત્વની પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક પ્રકાશભાઈ પટેલે કર્યું હતું.

### જી ઈ ક્લબ અને પ્લગ-ઇન્સ ઍન્ટરટેઇનમૅન્ટ્સ

નગરના રજિસ્ટર્ડ પબ્લિક ટ્રસ્ટ ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) અને કલા સંસ્થા પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ દ્વારા પણ ગુરૂપૂર્ણિમાની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવી હતી. સંસ્થાના ગુરૂઓને બાજઠ પર બેસાડી તેમના ચરણનું વિધિવત રીતે પૂજન નગરના યુવા કલાકારો દ્વારા કરવામાં આવ્યું હતું અને કુમકુમ તિલક કરી તેમની આરતી ઉતારવામાં આવી હતી તથા ગુરૂનું મોં પણ મીઠું કરાવવામાં આવ્યું હતું. દિવ્યકાન્ત વર્માએ આ પ્રસંગે પોતાના જીવનમાં ગુરૂના મહત્ત્વનો સ્વીકાર કરી આ પરંપરા કાયમી જાળવી રાખવા તથા ગુરૂના પગલે ચાલી કલા જગતની સેવા સદાય કરવા નવી પેઢીના કલાકારોને આહ્વાન કર્યું હતું.

### શ્રીમતી આર એન પટેલ પ્રાઇમરી સ્કૂલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી પારંપરિક રીતે કરવામાં આવી હતી. અતિથિવિશેષ જીઇબીના નિવૃત્ત ઈજનેર ભોગીભાઈ ઠક્કર દ્વારા દીપ પ્રાગટ્યના માધ્યમથી કાર્યક્રમનો આરંભ કરાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા પરંપરાગત રીતે શિક્ષકોનું પૂજન કરવામાં આવ્યું હતું

વિદ્યાર્થી મંથન પ્રજાપતિ અને દેવ ત્રિવેદીએ વક્તવ્ય તેમજ ક્રિષા મહેરિયા અને ભૂમિ પટેલે ગીતના માધ્યમથી ગુરુભાવ પ્રગટ કર્યો હતો. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા ઉપમન્યુ અંગેનું ઐતિહાસિક નાટક અને સંગીત મઢ્યો ડાન્સ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

આચાર્ય દશરથભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભગવતીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ધોરણ-૧થી ૮ની તમામ વિદ્યાર્થીનીઓએ સમૂહ પ્રાર્થના કરી ગુરુજનોનું પરંપરાગત રીતે પૂજન કર્યું હતું. ધોરણ-૬થી ૮ની ૧૫ વિદ્યાર્થીનીઓએ ભક્તિ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં હેત્વાન્સી અશ્વિનભાઈ પટેલ, માનસી એમ પ્રજાપતિ, હની ડી રાઠોડ વિજેતા થયાં હતાં. મદદનીશ શિક્ષક ફાલ્ગુનીબેન અને પૂર્વીબેન નાયકે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.

કાર્યક્રમના અંતમાં આચાર્ય નીરૂબેન જે પટેલે ગુરૂનો મહિમા સમજાવતું વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું આયોજન મદદનીશ શિક્ષક મનાલીબેન અને સેજલબેન વાળાએ ભગવતીબેન પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.









### રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ

રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પ્રસંગોચિત વક્તવ્યો, નાટક અને નૃત્યો રજૂ કરી સમાજમાં ગુરુનું મહત્ત્વ સમજાવતી પ્રતિમા પ્રતિપાદિત કરવાનો પ્રયાસ કર્યો હતો. એકલવ્ય, નરસિંહ મહેતા, સુદામા જેવા મહાન ચરિત્રો વિદ્યાર્થીઓ સમક્ષ જીવતં કરી ગુરુગાન ગાવામાં આવ્યું હતું.

# સ્ત્રી અને પુરુષ બંને એકબીજાના લાભ અને સુખ માટે જ નિર્માયાં છે


'વાંચન' એ મારી હોબી છે. મારી સમજણ ના ૫૦-૫૫ વર્ષોનાં મેં અનેક લેખકો, ચિંતકોને વાંચ્યા છે. પન્નાલાલ પટેલ થી શરૂ કરી શિવકુમાર જોષી અને અશ્વિન ભટ્ટ સુધીના પ્રાચીન, અર્વાચીન લેખોની અનેક નવલકથાનો સમાવેશ થાય છે. જેમાં આજ થી ત્રણ દાયકા પહેલાં લખાયેલી લેખિકા કુંદનિકા કાપડીયાની 'સાત પગલાં આકાશમાં' મારી પ્રિય નવલકથા છે. ૨૦ વર્ષ પહેલાં વાંચેલા આ અદ્ભૂત પુસ્તક કે જે સમાજમાં કચડાયેલી, પીડાયેલી સ્ત્રીઓની વેદનાને વાચા આપવીતી 'નારી પ્રધાન' નવલકથા છે. 'વાસ્તવિક્તાથી' ભરેલ આ પુસ્તક વાંચનારને 'આ મારી જ વાત છે' એવો પળે પળે અહેસાસ થાય છે. જો કે પુસ્તકના સર્જનના ૩૦ વર્ષ બાદ થયેલ ક્રાંતિએ સ્ત્રીઓને તેમના હકો અપાવવાનો પ્રયત્ન કરેલ છે. છતાં પણ 'સ્ત્રી-પુરુષની સમાનતા' ના સંપૂર્ણ હાર્દને આપણે આજે પણ પુર્ણતઃ સમજી શક્યા નથી.

સ્ત્રી ગૃહિણી પત્ની, માતા, બહેન કે દીકરી હોય પણ 'સહન કરવું' એજ જાણે તેની નિયતી છે. તે આ પુરુષ-પ્રધાન સમાજે ઠોકી બેસાડ્યું છે. 'સાત પગતા આકાશમાં' પુસ્તકમાં સ્ત્રીની વ્યથા-કથા અનેક પાત્રો દ્વારા - શબ્દે શબ્દે વણાયેલી છે. તેમાં સ્ત્રીના જીવન મૂલ્યોની ક્રાંતિ છે. ''સ્ત્રીને'' વસ્તુ તરફથી વ્યક્તિ તરફ લઈ જતી પગદંડી છે. એક બાજુ સમાજ સ્ત્રીને 'માતાની મૂર્તિ' બનાવી મંદિરમાં સુવર્ણ આસન પર બેસાડી પૂજા કરે છે તો બીજી બાજુ તે જ સમાજ ઘરમાં જીવંત મા, પત્ની, બહેન, દીકરીને 'અસહાય' જીવવાની ફરજ પાડે છે. હાલમાં સ્ત્રીઓએ રાજકીય, સામાજિક કે વ્યાવસાયિક ક્ષેત્રે કાઠુ કાઢ્યું હોવા છતાં હજુ પણ તેને ''મૌનના સંસ્કાર'' ઓઢવા પડે છે.

લેખિકા કુંદનિકાબેને વસુધાના પાત્ર દ્વારા સ્ત્રીને 'પલાયનવાદના માર્ગ તરફથી ક્રાંતિના માર્ગે' જતી બતાવી પુરવાર કર્યું છે કે સ્ત્રી-પુરુષ ઉભયમાં સમાન શક્તિ છે. પણ સ્ત્રીને તક આપવામાં આવતી નથી. તક મળતાં જ તે 'મેધાવી' પુરવાર થઈ શકે છે. લેખિકાના મતે સમાજ-સુખી કરવા નીચેના સાત પગલાં આકાશમાં ભરવા જરૂરી છે.

- સ્ત્રી અને પુરુષ બંનેની ઘરસંસાર ચલાવવાની જવાબદારી સરખી છે.
- બહારના તમામ કામ સ્ત્રી કરી શકે તો ઘરના તમામ કામ પુરુષ કરી જ શકે.
- ''અસલામતી''ના ઓઠા હેઠળ સ્ત્રી-સ્વાતંત્ર્યતા હણવાની જરૂર નથી.
- સ્ત્રી અને પુરુષ બંને એકબીજાના લાભ અને સુખ માટે જ નિર્માયા છે.
- સ્ત્રી પુરુષની પ્રતિસ્પર્ધી નહીં પણ જીવનયાત્રાની સહપ્રવાસી છે.
- સ્ત્રી પરના સામાજિક નિયંત્રણો - સ્ત્રી જ હઠાવી શકે.
- સ્ત્રીને 'પરાધિન' સમજીને નહીં પણ પ્રેમ-વિશ્વાસથી જીતી બંનેએ સમજદાર બનવું પડે.
- વસુધા-વ્યોમેશ સ્વરૂપ, જેવા નવલકથાના તમામ પાત્રો આપણી વચ્ચે જ શ્વસે છે. આ નવલકથાનું વર્ણન કરવા શબ્દો અને જગ્યા બંને ઓછા પડે. તેનું હાર્દ સમજવા, સુખી સમાજ જીવન અને ઘરસંસાર બનાવવા યુવાન, વયસ્ક, આધેડ કે વૃદ્ધ દરેક સ્ત્રી-પુરુષે ''સાત પગલા આકાશમાં'' જરૂરથી વાંચવી - વિચારવી પડે. નવદંપતિને લગ્ન ભેટે તરીકે પણ આ પુસ્તક આપી શકાય. એવું મારું માનવું છે.

**કૌશલ્યાબેન એન. પટેલ**
**સેક્ટર-૨૩**










## સંવેદના
### મારું પ્રિય પુસ્તક

બાળપણ વેળાએ શાળામાં પુસ્તકાલયના તાસમાં ઈસપની કથાઓ, મિયાં ફૂસકી, પંચતંત્રની વાર્તાઓ, અલીબાબ ચાલીસ ચોર, અડકો-દડકો જેવાં પુસ્તકો વાંચતા-વાંચતા કેળવેલો વાચનનો શોખ આજે લખતાં પણ કરી દેશે તેવો સ્હેજેય ખ્યાલ નહોતો. આધ્યાત્મિક ક્ષેત્રે તો પૂ. દાદાના ગંગાલહરી, શ્રીસુક્તમ, વ્યાસવિચાર જેવાં પુસ્તકો હૃદયસ્પર્શી રહ્યાં. કુન્દનિકા કાપડિયાનું સાત પગલાં આકાશમાં પણ ગમ્યું. પણ મારા અધ્યાપનકાર્ય દરમિયાન સર્જનાત્મક લેખો લખવાની પ્રેરણા આપનાર, માનવમનમાં પ્રેરણા જગાડનાર ડૉ. જિતેન્દ્ર અઢિયા લિખિત પુસ્તક પ્રેરણાનું ઝરણું મારું પ્રિય પુસ્તક બની રહ્યું.

માનવમનની અગાધ શક્તિઓની કેળવણી વિશે સરળ ભાષા, સચિત્ર માહિતી અને સુંદર દૃષ્ટાંતો દ્વારા સમજ આપતું પ્રેરણાનું ઝરણું પુસ્તક શાળાનાં બાળકોને માર્ગદર્શન અને પ્રેરણા આપવામાં ખૂબ સહાયક બન્યું.

મગજને હાર્ડવેર અને મનને સૉફ્ટવેર દર્શાવી અપાયેલ પ્રોગ્રામિંગની રસપ્રદ માહિતી તેમજ જાગ્રત અને અર્ધજાગ્રત મનને અલાઉદ્દીન અને જિનની ઉપમા આપી તેમનાં કાર્યો અને શક્તિઓની રસપ્રદ માહિતી બાળકોની સુષુપ્ત શક્તિઓને જગાડવામાં માર્ગદર્શક શિક્ષકની ભૂમિકા બજાવવામાં ઘણી ઉપયોગી રહી. આઇક્યૂ, ઇક્યૂ અને ઍસક્યૂ દ્વારા વિપરીત પરિસ્થિતિમાં બૅલેન્સ જાળવતાં શીખી. ભીતરમાં પડેલા મહામાનવને જગાડવાની શક્તિ પ્રેરણાના ઝરણાએ જ આપી.

જીવનપોષક અને જીવનઘાતક લાગણીઓની અસર, ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવામાં અર્ધજાગ્રત મનની તૈયારી, બીમીરી તેમજ તંદુરસ્તી પર અર્ધજાગ્રત મનનો કાબૂ જેવી જાણકારી જીવનના ઉતાર-ચઢાવમાં પ્રેરણા આપતી રહી.

માઈન્ડ પાવરથી હિલીંગ, અસંભવને પણ સંભવ કરી શકાય, પોતાના માતા-પિતાના અવસાનના બનાવોના દૃષ્ટાંતો દ્વારા ડૉ. અઢિયાની અર્ધજાગ્રત મનને નકારાત્મક સૂચનો ન આપવાની સલાહ ખૂબ ગમી. હકારાત્મક વલણથી રોગપ્રતિકારક શક્તિમાં થતો વધારો, મુંઝવતા દરેક પ્રશ્નનો અર્ધજાગ્રત મન પાસે મળતો ઉકેલ, બૉર્ડમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીનું આઈએઍસ બનવાનું દૃષ્ટાંત, મહર્ષિ યોગીના યૌગિક ફ્લાઈંગની વાતો ખૂબ જ રસપ્રદ.

રામાયણના સેતુબંધનો પ્રસંગ કે શબરીનું દૃષ્ટાંત તેમજ દુનિયાને મળેલી ડાયાબિટીસની દવા ઈન્સ્યૂલિન પણ અર્ધજાગ્રત મનની જ ભેટ એ સમજાયું.

તાલ, દિલ તો પાગલ હે, ગાઈડ, દિલવાલે દુલ્હનિયા જેવા પિક્ચર્સના રોચક દૃષ્ટાંતો દ્વારા વિઝ્યુલાઈઝેશન, ઉપવાસ, મૌન, પ્રાર્થના, મૅડિટેશનની જીવનમાં અગત્ય સમજાવતાં મારા જીવનમાં પણ તેનો પ્રભાવ રહ્યો. મનની પ્રાર્થના અને તથાસ્તુના કૅલેન્ડરે મારી મનઃસ્થિતિ જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

જીવનના ઝંઝાવાતોમાં સતત ટેકારૂપ બનતા આ પ્રેરણાના ઝરણાને એક જ બેઠકે વાંચી આત્મતૃપ્તિનો ઓડકાર ખાતાં ડૉ. જિતેન્દ્ર અઢિયાનો આભાર માનું છું. અને એ પુસ્તક લાયબ્રેરીમાં આપી મારા હાથમાં પહોંચાડનાર ચારૂટીચરનો પણ.

**- કુસુમબેન આર જોષી**
**સેક્ટર-૩૦**

મારું પ્રિય પુસ્તક એટલે સત્યના પ્રયોગો અથવા ગાંધીજીની આત્મકથા.

સ્પષ્ટ અને સચોટ શૈલીથી લખાયેલા આ પુસ્તકમાં 'સ હિતસ્ય ભાવમ ઈતિ સાહિત્યમ'નો હિતાર્થ સુચારૂપણે સમાવિષ્ટ થયેલો છે. આ પુસ્તકના લેખક ગાંધીજીએ એમાં પોતાની કેટલીક નબળાઈઓની કબૂલાત પણ કરી છે. પુસ્તકનું કેન્દ્ર અર્થપૂર્ણ વિષયવસ્તુ ક્રિયાન્વિત શૈલીમાં સાદગી અને માનવસહજ સંવેદનાઓ છતી કરવામાં અવશ્ય સફળ રહ્યું છે. મહાત્મા બનવાના અભરખા ગાંધીજીને નથી પણ મોહનમાંથી આદર્શ માનવ બનવા માટે તેમણે પોતાની આત્મકથામાં ખૂબીઓ અને ખામીઓ આદર્શ રીતે વર્ણવી છે.

સહજ શૈલીમાં લખાયેલું આ પુસ્તક મને ૧૯૭૮-૭૯માં ગુજરાત રાજ્ય કક્ષાની વક્તૃત્ત્વ સ્પર્ધામાં દ્વિતિય નંબરે વિજેતા બનતાં ગુજરાત રાજ્ય યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી ઈનામ સ્વરૂપે મળ્યું હતું. ત્યારે આ પુસ્તકના ગદ્યાંશો મને અઘરા લાગ્યા હતા પણ મારા શિક્ષકગણ, પ્રૉફેસરગણે તે સમજાવીને સરળ, પ્રેરણાપ્રધાન બનાવવામાં સહાય કરી.

વિદેસી પ્રજા, આશ્રમશાળાઓ અને અંતેવાસીઓ સાથેના અનુભવોને મહાલેખકે સંવાદ, કથન અને પ્રસંગો દ્વારા વાચકો સમક્ષ ઉમદા રીતે મૂક્યા છે, જે મારા મનમાં પણ હકારાત્મક જીવન જીવવા માટે અમીટ છાપ છોડી ગયા છે. આ પુસ્તક તથા પુસ્તકના રચયિતા પ્રજાજનો અને માનવસમુદાયના હૃદયસમ્રાટ બન્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું વણાટકામ આમાં અહિંસક થયેલું છે, જે માટે રાષ્ટ્રપિતાને શત શત વંદન.

**- રોહિતકુમાર ભાનુપ્રસાદ જોશી**
**સુઘડ**

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં યુનાન દેશમાં ભારતના રાજદૂત તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
**(એ) શમ્મા જૈન**
(બી) શમ્મા કપૂર
(સી) કલ્પના તિવારી
(ડી) અપર્ણા મલિક

(૨) ૨૦૧૭માં વિશ્વના કયા દેશે વર્ષ ૨૦૪૦ સુધીમાં પોતાના દેસમાંથી ડિઝલ અને પેટ્રોલ પર પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી છે?
(એ) ઈંગ્લેન્ડ
(બી) સ્વીડન
**(સી) ફ્રાન્સ**
(ડી) જર્મની

(૩) ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ પદે તાજેતરમાં કોની વરણી કરાઈ છે ?
(એ) સંજયકુમાર
(બી) બિપીન જોષી
**(સી) રાજીવકુમાર**
(ડી) અમિતકુમાર

(૪) ૨૦૧૭માં વિશ્વના કયા દેશે સતામણી (યાતના)ને ગંભીર અપરાધમાં ગણી વિધેયક પસાર કર્યું છે ?
**(એ) ઇટલી**
(બી) બ્રાઝીલ
(સી) ચીન
(ડી) જાપાન

(૫) દુશ્મન દેશોના ટેંક અને બંકરને શોધી તેને નષ્ટ કરનાર કઈ આધુનિક મિસાઈલનું ડીઆરડીઓ દ્વારા નિર્માણ કરાયું છે ?
(એ) મિસાઈલ ઓફ ધ યર
(બી) બેઝીક બેલાસ્ટીક મિસાઈલ
**(સી) ક્વિક રિસ્પોન્સ મિસાઇલ**
(ડી) ઈન્ડિયન ઓલિવ મિસાઈલ

(૬) ૨૦૧૭માં ભારતના કયા ઍરપોર્ટની સુરક્ષા માટે વર્લ્ડ ક્વૉલિટિ કોંગ્રેસ દ્વારા સીઆઇએસએફનો સર્વશ્રેષ્ઠ સુરક્ષા ઍવોર્ડ આપવામાં આવ્યો છે ?
**(એ) ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ ઍરપોર્ટ**
(બી) રાજા સાંસી ઍરપોર્ટ
(સી) છત્રપતિ શિવાજી ટર્મિનલ
(ડી) સદરા પટેલ ઍરપોર્ટ

(૭) ૨૦૧૭માં આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘ દ્વારા પ્રસિદ્ધ વૈશ્વિક સાઈબર સુરક્ષા ઈન્ડેક્ષ યાદીમાં ભારતને કયું સ્થાન મળ્યું છે ?
(એ) ૨૧મું
(બી) ૨૨મું
(સી) ૨૩મું
**(ડી) ૨૪મું**

(૮) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે ભારતના કેટલા જિલ્લામાં ગરીબ નવાઝ કૌશલ્ય વિકાસ કેન્દ્ર સ્થાપવાનો નિર્ણય કર્યો છે ?
(એ) ૧૦૦
(બી) ૨૦૦
**(સી) ૩૦૦**
(ડી) ૪૦૦

(૯) કેન્દ્ર સરકારે જુલાઈ, ૨૦૧૭માં ભારત દેશને એવિયન ઈન્ફ્લુએન્ઝાથી જાતે મુક્ત જાહેર કર્યું છે, તે બિમારીને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે ?
(એ) સ્વાઈન ફ્લુ
**(બી) બર્ડ ફ્લુ**
(સી) મૈડકાઉ
(ડી) ઈટાઈ-ઈટાઈ

(૧૦) ૨૦૧૭માં બ્રિક્સ દેશોના સાંસ્કૃતિક મંત્રીઓની બીજી બેઠક કયા દેશમાં યોજાઈ હતી ?
(એ) રશિયા
(બી) દક્ષિણ આફ્રિકા
**(સી) ચીન**
(ડી) બ્રાઝીલ